# બી.એડ્-પી.ટી.સી. થયેલ તાલીમાર્થીઓ આટલી સેવા કરી શકે !

ગુજરાતમાંથી બી.એડ્.કે પી.ટી.સી.ની તાલીમ લઈને દર વર્ષે લગભગ ૩૫,૦૦૦ જેટલા તાલીમાર્થીઓ બહાર પડે છે.. જેઓને બીજા જ દિવસે નોકરી મળશે તેવી કોઇ ગેરંટી નથી જ.આ ઉપરાંત બી.એડ્.કે પી.ટી.સી.ની તાલીમ અગાઉ પૂર્ણ કરેલ હોય એવા ઘણાં તાલીમાર્થીઓ છે કે જેઓની પાસે અત્યારે નોકરી નથી. આવા તમામ તાલીમાર્થીઓ શિક્ષકની નોકરી ન મળે ત્યાં સુધી અન્ય વ્યવસાય કરતાં હોય છે. અથવા તો બેકાર બનીને સમય પસાર કરતાં હોય છે. તેમની પાસે કશુંજ ક્રિયાત્મક કામ હોતુ નથી. પરિણામ સ્વરૂપ તેમનો શિક્ષણ સાથે સીધો સંપર્ક રહેતો નથી. આથી દિવસે દિવસે તેમણે પ્રાપ્ત કરેલ વિષયવસ્તુનું જ્ઞાન પણ ભૂલતા જાય છે. ઉપરાંત લીધેલ તાલીમની અસરકારકતા પણ લાંબાગાળે ઓછી થતી જાય છે. બીજી બાજુ શાળાઓમાં નોકરી કરતા શિક્ષકો માંદગી , સામાજિક કે અન્ય કારણોસર રજા ઉપર હોય ત્યારે અને શિક્ષકની જગ્યા ખાલી હોય ત્યારે શાળાઓમાં વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. તેની ઘણી નકારાત્મક અસર સાળાશિક્ષણ પર થાય છે. આ ઉપરાંત શિક્ષકની ગેરહાજરીમાં પ્રોક્ષી તાસ પણ શાળાઓ માટે માથાનો દુખાવો બની રહે છે. અપૂરતા સ્ટાફને કારણે હાજર શિક્ષક પર કામનો બોજો વધી જાય છે. જેથી આ શિક્ષકો પ્રોક્ષી તાસમાં જઇને પણ કશુંજ સર્જનાત્મક કાર્ય કરાવતા નથી. વિદ્યાર્થીઓને વાંચવા આપે છે કે થોડું ઘણું લખવા આપીને સ્ટાફરૂમમાં આવીને બેસે છે. આચાર્ય પણ તેમને દબાણ કરી શકતા નથી. કારણકે તેઓ પણ શિક્ષકના કામના ભારણથી પરિચિત હોય છે.

ઉપરોક્ત બંને સમસ્યાનો ઉપાય ખૂબ જ સરળ અને સકારાત્મક છે. બી.એડ્. કે પી.ટી.સી. થયેલ દરેક તાલીમાર્થીએ જ્યાં સુધી નોકરી ન મળે ત્યાં સુધી પોતાના ગામની કે રહેઠાણથી નજીકની શાળામાં સેવા આપવી જોઇએ. આ માટે દરેક તાલીમાર્થી મિત્રોએ પોતાના રહેઠાણથી નજીકની બેત્રણ શાળાઓમાં જઇને પોતાના ઘરનું સરનામું અને ફોન નંબર આપી દેવા જોઇએ. જેથી જે તે શાળામાં જ્યારે કોઇ શિક્ષક રજા પર ઉતરવાના હોયે ત્યારે જે તે શાળાના આચાર્ય તમને ફોન કરીને કે અન્ય રીતે જાણ કરશે કે અમારે તમારી સેવાની અમુક દિવસ માટે જરૂર છે. આથી તમારી અનુકૂળતા મુજબ તમે આચાર્યશ્રી સાથે વાત કરીને જે તે શાળા પર સેવા માટે પહોંચી જશો. આ ઉપરાંત તમારા જ ગામની કે નજીકના વિસ્તારની કોઇ શાળામાં કોઇ શિક્ષકની જગ્યા ખાલી છે. તો નવા શિક્ષકની ભરતી ન થાય ત્યાં સુધી તમે નિયમિત પણે જે તે શાળામાં સેવા આપી શકો. નોકરી ન મળે ત્યાં સુધી ટ્યુશન કરીને પૈસા કમાવવા તે ખોટું નથી. પણ શાથે શાળામાં જઇને આ સેવા કરવાથી સારો અને વધારે ફાયદો થશે. શાળાના વાતાવરણમાં રહીને વધુ વિદ્યાર્થી સાથે શિક્ષણ કાર્ય કરવું તે એક લ્હાવો છે. તેમાંથી થતો તમારો વિકાસ માત્ર ટ્યુશન કરવાથી નહી જ થાય. તમને જુદા જ પ્રકારની અનુભૂતિ થશે, અનેરો આનંદ પ્રાપ્ત થશે.

બી.એડ્. કે પી.ટી.સી. થયેલ તાલીમાર્થીઓ ઉપરોક્ત રીતે સેવા આપશે તો તેઓ વિષયવસ્તુ અને અધ્યાપન પદ્ધતિઓનું જ્ઞાન ભૂલી નહીં જાય. એટલું જ નહીં શિક્ષણના સતત સંપર્ક અને મહાવરાને

કારણે તેમનું જ્ઞાન વધશે અને સ્થાયી પણ થશે. તેમને શાળા શિક્ષણનો વધુ પ્રમાણમાં પ્રત્યક્ષ અનુભવ પ્રાપ્ત થશે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે નવા સંબંધો સ્થપાશે. સમાજમાં તેમનું પણ એક ચોક્કસ સ્થાન છે તેવી અનુભૂતિ પણ થશે. બીજી તરફ શાળાને પણ ફાયદો થશે. શાળામાં કોઇ વર્ગ ખાલી નહીં રહે. શિક્ષકની ગેરહાજરીમાં પણ શિક્ષણકાર્ય ચાલશે. વિદ્યાર્થીઓને પણ નવા શિક્ષક પાસેથી નવું નવું જાણવા મળશે. આચાર્ય અને અન્ય શિક્ષકોને પ્રોક્ષી તાસની ઝંઝટમાંથી છૂટકારો મળશે. શાળામાં દરેક તાસમાં શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ ચાલશે. જેથી શાળામાં શિક્ષણકાર્ય બગડશે નહીં. આમ કરવાથી તાલીમાર્થીઓને પણ મોટા પ્રમાણમાં ફાયદો જ થવાનો છે. જે ફાયદો અન્ય કોઇપણ રીતે મળી શકવાનો નથી. માટે જ તાલીમ લીધેલ દરેક તાલીમાર્થીએ આવી તક મેળવવા સતત પ્રયત્નશીલ રહેવું જોઇએ અને જ્યારે આવી તક મળે ત્યારે તરત જ કામમાં લાગી જઇને સમાજની નિ:સ્વાર્થ સેવા કરીને સારા આદર્શ નાગરિક તરીકેની ફરજ બજાવવી જોઇએ.

ઉપરોક્ત રીતે સેવા બજાવવા માટે દરેક બી.એડ્.અને પી.ટી.સી.કોલેજોના અધ્યાપકોએ તાલીમાર્થીઓને પ્રોત્સાહન આપવું જોઇએ. આ ઉપરાંત મા.શિ.બોર્ડ અને શિક્ષણમંત્રીશ્રીએ પણ તાલીમાર્થીઓને સેવામાં જોડાવા માટે અપીલ કરીને આવકારવા જોઇએ. આ માટે શાળાના આચાર્યશ્રીઓએ પણ પોતાના કે આસપાસના ગામમાંથી બી.એડ્. કે પી.ટી.સી.. થયેલ તાલીમાર્થીઓ શોધીને તેમને શાળામાં સામા પગલે આમંત્રિત કરવા જોઇએ. એટલું જ નહીં પણ સેવા આપતા તાલીમાર્થીઓને શાળાના લેટરપેડ પર આભારમાનીને આચાર્યશ્રીએ પ્રોત્સાહિત પણ કરવા જોઇએ.. આમ કરવાથી તાલીમાર્થીઓનું ,વિદ્યાર્થીઓનું અને શાળા-સમાજનું હિત સચવાશે.